**This Question Paper consists of 31 questions and 8 printed pages.**
**આ પ્રશ્નપત્રમાં 31 પ્રશ્નો અને 8 છપાયેલાં પૃષ્ઠો છે.**

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **Roll No.** રોલ નંબર | | | | | | | | | | | | | **Code No. 53/S/O/G** કોડ નં. **Set - A** |

# GUJARATI
# (ગુજરાતી)
# (207)

**Day and Date of Examination**
(પરીક્ષાનો વાર અને તારીખ) ____________________

**Signature of Invigilators** 1. ____________________
(નિરીક્ષકની સહી)
2. ____________________

સામાન્ય નિર્દેશ :

**1** વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

**2** પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

**3** બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

**4** બહુવિકલ્પીય પ્રશ્નોની સાથે બધા પ્રશ્નોના ઉત્તર નિર્ધારિત કરેલા સમયમાં આપવા. બહુવિકલ્પીય પ્રશ્નો માટે અલગથી સમય નહીં આપવામાં આવે.

**5** ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

**6** પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **53/S/O/G-A** લખવી.

# GUJARATI
# (ગુજરાતી)
# (207)

સમય : 3 કલાક] [કુલ ગુણ : 100

સૂચના :

1 **બધા** પ્રશ્નો અનિવાર્ય છે અને પ્રત્યેક પ્રશ્નની સામે અંક આપેલા છે.

2 બહુવિકલ્પીય પ્રશ્નો માટે એક-એક ગુણ નિર્ધારિત છે.

3 બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

---

1 'જશોદા તારા કાનુડાને' કાવ્યના કવિ છે : 1

(A) ઉમાશંકર જોશી (B) નરસિંહ મહેતા

(C) કાકાસાહેબ કાલેલકર (D) નિરંજન ભગત

2 'કોણ' એક પ્રકારનું ........... કાવ્ય છે. 1

(A) ગીત (B) પદ

(C) સૉનેટ (D) પ્રકૃતિ

3 ગૌરી કોણ હતી ? 1

(A) વાર્તાના નાયકની મા (B) વાર્તાના નાયકની કાકી

(C) વાર્તાના નાયકની પત્ની (D) વાર્તાના નાયકની બહેન

4 નાયકને પરસેવો ક્યારે ગમતો હતો ? 1

(A) તાવ આવે ત્યારે (B) તડકામાં ઊભો હોય ત્યારે

(C) ન્હાવા જાય ત્યારે (D) સૂવા જવું હોય ત્યારે

5 શિયાળામાં દિવસો કેવા હોય છે ? 1

(A) લાંબા (B) ટૂંકા

(C) અડધા (D) ગરમ

6 'રોટલો રળવો' રૂઢિપ્રયોગનો અર્થ છે - 1

(A) કમાણી કરવી (B) રોટલા પકાવવા

(C) મહેનત કરવી (D) હારી જવું

7 ઔપચારિક ન હોય તેવો પત્ર કયો ? 1

(A) વ્યાવસાયિક પત્ર (B) સમવયસ્કને પત્ર

(C) અહેવાલ લેખન (D) આવેદન પત્ર

8 કાપડના વેપારી ............. 1

(A) થોડું થોડું વેચે છે. (B) મીટર મીટર વેચે છે.

(C) કિલો કિલો વેચે છે. (D) વાર વાર વેચે છે.

9 'પ્રયાગરાજ'ના લેખક કોણ છે ? 1

(A) પન્નાલાલ પટેલ (B) ફાધર વાલેસ

(C) કાકાસાહેબ કાલેલકર (D) રા. વિ. પાઠક

10 નીચેનામાંથી કયું અંગ નિબંધને બંધબેસતું નથી ? 1

(A) વિષયવર્ણન (B) ઉપસંહાર

(C) પૂર્વભૂમિકા (D) પ્રશ્ન ઉત્તર

11 પર્વતને ઊંચકનાર - 1

(A) ગિરધારી (B) પર્વતારોહક

(C) પર્વતાધિપતિ (D) પર્વતારોહણ

12 ગુજરાતની પ્રજા માટે બંધબેસતું ન હોય એવું વિશેષણ - 1

(A) સદા જાગરુક (B) સદા વેપારી

(C) જગત નાગરિક (D) સાગરતીર્થ નિવાસી

13 કૃષ્ણ વૃંદાવનમાં શું કરે છે ? 1

(A) ગાયો ચરાવે છે. (B) કૂતરાઓ ભગાડે છે.

(C) રમે છે. (D) ગીતો ગાય છે.

14 દેવશંકરે કઈ નોકરી સ્વીકારી ? 1

(A) ગાયકની (B) માસ્તરની

(C) ચોકીદારની (D) પોલીસની

15 બાર-બાર વર્ષે ભરાય છે - 1

(A) તરણેતરનો મેળો (B) કુંભમેળો

(C) હાટ મેળો (D) શરબત મેળો

16 'પીળક' ખૂબ જ સરસ રીતે ક્યારે ગાય છે ? 1

(A) વર્ષાઋતુ આવે ત્યારે (B) ખૂબ ગરમી પડે ત્યારે

(C) માળો બાંધવાની શરૂઆત કરે ત્યારે (D) પાન ખરે ત્યારે

17 કવિએ અંધશ્રદ્ધાનાં કેટલાં ઉદાહરણો આપ્યાં છે ? 1

(A) ચાર (B) ત્રણ

(C) બે (D) પાંચ

18 મૂરખ પાણી જોઈને શું કરે છે ? 1

(A) કપડા ધોવે છે. (B) ખાવાનું બનાવે છે.

(C) સ્નાન કરે છે. (D) માટલા ભરે છે.

19 કવિ ઘેલી કોને કહે છે ? **1**

(A) પતંગિયાને (B) ચકલીને

(C) ચંબેલીને (D) ફલને

20 'મારી મા'ની નાયિકાને કોનામાં ભગવાનનું રૂપ દેખાય છે ? **1**

(A) ભાઈ-બહેનમાં (B) માતા-પિતામાં

(C) છોકરાઓમાં (D) ગામના લોકોમાં

21 (ક) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણ** સવાલોના જવાબ લખો : **6**

(i) શંકરલાલે કહેલા શબ્દોની દેવશંકર પર શી અસર થઈ ?

(ii) નંદુના કરેલા પ્રહારની નાયક પર શી અસર થાય છે ?

(iii) 'એક પ્રશ્ન' પાઠમાં નાયકના ઘરમાં કયો પ્રસંગ બન્યો હતો ?

(iv) વ્યાયામથી થતાં ફાયદાઓ જણાવો.

(v) 'સવ્યસાચી' કોને કહેવાય છે ?

(ખ) નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે **ત્રણ** સવાલોના જવાબ **એક** વાક્યમાં લખો : **3**

(i) 'સૂર્યનું સેવન' પાઠના નાયકને માનવજીવન કેવું લાગે છે ?

(ii) મોટાગામમાં બદલી થવાથી દેવશંકરને શું નુકસાન થયું ?

(iii) 'અક્ષયવટ' ક્યાં આવેલો છે ? તે વિશે લોકોની શી માન્યતા છે ?

(iv) ફાધર વાલેસના મતે આબાદી એટલે શું ?

(v) 'મારી મા'ની નાયિકાએ પોતાની માનો પરિચય કેવી રીતે કરાવ્યો ?

22 (ક) નીચે આપેલા સવાલોમાંથી ગમે તે **ત્રણ** સવાલોના જવાબ લખો : **6**

(i) પ્રકૃતિમાં ઈશ્વર કયા કયા સ્વરૂપે વસેલો છે ? 'કોણ' કાવ્યના આધારે લખો.

(ii) પતંગિયું અને ચંબેલીના સમન્વયથી પરી કેવી રીતે બની ?

(iii) 'એ લોકો' કાવ્યમાં કવિને શું થવું છે ? શા માટે ?

(iv) 'જૂનું પિયરઘર' કાવ્યમાં નાયિકાના મનમાં કયા સ્મૃતિચિત્રો સ્મૃતિપટ પર આવે છે ?

(v) અખાએ 'છપ્પા' કાવ્યમાં કયા ત્રણ દાંભિક આચરણો કહ્યા છે ?

(ખ) નીચે આપેલા સવાલોમાંથી ગમે તે **ત્રણ** સવાલોના જવાબ **એક** વાક્યમાં લખો : 3

(i) ''તને જોઈ જોઈ તોય અજાણી'' કાવ્યની નાયિકા ક્યાં ઊભેલી હતી ?

(ii) વસંત જે માર્ગેથી પસાર થાય છે, તે માર્ગ કેવો લાગે છે ?

(iii) ચંબેલી પતંગિયા પાસે પાંખો શા માટે માંગે છે ?

(iv) 'ગુર્જર ભારતવાસી' કાવ્યમાં કયા રાજ્યના લોકોનું ગાન કરવામાં આવ્યું છે ?

(v) 'મુક્તક' કાવ્ય દ્વારા કવિ શો સંદેશ આપે છે ?

23 (ક) નીચેના વાક્યો કોણ કોને કહે છે ? (ગમે તે **ત્રણ** લખો) : 3

(i) ''કેસની હકીકત જાણ્યા સિવાય શો ન્યાય કરું ?''

(ii) ''આનું નામ કુસ્તી ન કહેવાય, હું તમને અડકું એ પહેલાં સૂઈ કેમ જાઓ છો ?''

(iii) ''મને માફ કરજો મહારાજ, મારી ભૂલ થઈ !''

(iv) ''આ ગામમાં, ડૉક્ટર કોઈ નથી, તું ડૉક્ટર બનીશ ને ?'

(v) ''મારા બધા સવાલોનો જવાબ ઈંટોએ આપ્યો છે.''

(ખ) ગમે તે **બે** ભાવપંક્તિઓનું ભાવસૌંદર્ય સ્પષ્ટ કરો : 6

(i) ''હતો દુખિયો થયો સુખિયો, સમજ્યો છૂટ્યો રણથી.''

(ii) ''તિલક કરતાં ત્રેપન થયાં
જપ માળાનાં નાકાં ગયાં.''

(iii) ''સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી,
ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.''

24 ગમે તે **બે**ના મુદ્દાસર ઉત્તર લખો : 6

(i) નાયક અને પહેલવાન વચ્ચેની કુસ્તીનું વર્ણન.

(ii) 'કસોટી' પાઠમાં ઉપસતી અંગ્રેજોની ખાસિયતો જણાવો.

(iii) વિનુ માંકડના ક્રિકેટર તરીકેના વ્યક્તિત્વનાં પાસાંઓનું વર્ણન.

25 ગમે તે **એક** વિષય પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો : 10

(ક) માતૃપ્રેમ

(ખ) જો હું વૃક્ષ હોઉં તો

(ગ) મારા જીવનનો લક્ષ્ય

(ઘ) આપણાં જીવનમાં વ્યાયામનું મહત્ત્વ

(ઙ) આપણું સ્વર્ણિમ ગુજરાત.

26 તમારી શાળાના પુસ્તકાલય માટે કેટલાંક જરૂરી પુસ્તકોનો 'ઓર્ડર' આપતો પત્ર કોઈ જાણીતા પુસ્તક વિક્રેતાને લખો. 8

**અથવા**

શાળામાં શિક્ષક તરીકે નોકરી મેળવવા સર્વોદય વિદ્યાલયના પ્રધાનાચાર્યાને અરજી લખો.

27 ગમે તે **એક**નો વિચાર-વિસ્તાર કરો : 6

(ક) જનસેવા એ જ પ્રભુસેવા

(ખ) વિદ્યા વિનયથી શોભે છે.

28 નીચેનો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચી સમજી આપેલા સવાલોના જવાબ લખો : 5

**ફકરો :**

આપણને આપણી ભવ્ય-સુંદર સંસ્કૃતિની રક્ષા કરવાનું કહેવામાં આવ્યું છે. પ્રાચીન કાળમાં આપણો ભારતદેશ સામાજિક, આર્થિક, ધાર્મિક, આધ્યાત્મિક વગેરે ક્ષેત્રમાં અત્યંત આગળપડતો હતો. તેણે 'જગદ્‌ગુરુ'નું સ્થાન શોભાવ્યું હતું. તે સમયે ભારતભૂમિનો સુવર્ણયુગ હતો. ભારતભૂમિ સ્વર્ગ તુલ્ય હતી. ભારતના ઋષિ-મુનિઓ, સાધુ-સંતો, મહાત્માઓ, મહાકવિઓ – બધાએ ભારતને અમૂલ્ય વિચાર-રત્નોનો વારસો આપ્યો છે. પરિણામે ભારતવાસીઓની રહેણી-કરણી, દેવોની રહેણી-કરણી જેવી હતી, પરંતુ આજના જમાનામાં ભારતના લોકો પાશ્ચાત્ય સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરી ત્યાંની અનિષ્ટ રહેણી-કરણી અપનાવી રહ્યા છે. તે જરા પણ યોગ્ય નથી.

**પ્રશ્નો :**

(i) પ્રાચીનકાળમાં ભારતદેશ કયા ક્ષેત્રોમાં આગળ પડતો હતો ?

(ii) ભારતને અમૂલ્ય વિચાર-રત્નોનો વારસો કોણે-કોણે આપ્યો ?

(iii) ભારતની રહેણી-કરણી કેવી હતી ? સમજાવો.

(iv) ભારતના લોકો કોનું આંધળું અનુકરણ કરે છે ?

(v) આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

29 એક શાળામાં રમત-હરીફાઈમાં 400 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. તેમાંથી ગુલાબ ટુકડીના 200 વિદ્યાર્થીઓ, મોગરો ટુકડીના 50 અને કમળ ટુકડીના 50 અને ચમેલી ટુકડીના 100 વિદ્યાર્થીઓ હતા. આ વિગતો વર્તુળ આલેખમાં ટકા પ્રમાણે દર્શાવો. **3**

30 સૂચના મુજબ લખો :

(ક) વિરોધી શબ્દો લખો : (ગમે તે **બે**) **2**

પ્રાચીન, સંપ, સજીવ, કઠિન

(ખ) સમાનાર્થી શબ્દો લખો : (ગમે તે **બે**) **2**

ચતુર, અતિથિ, ઉપકાર, આજ્ઞા

(ગ) સંધિ-વિચ્છેદ કરો : (ગમે તે **બે**) **2**

કાર્યાલય, સુખાંત, પ્રત્યેક, ભાવેશ

(ઘ) રૂઢિપ્રયોગોના અર્થ લખો : (ગમે તે **બે**) **2**

પેટે પાટા બાંધવા, મોં પડી જવું, લાલપીળા થવું, ધૂળ નાખવી

(ङ) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : (ગમે તે **બે**) **2**

વ્રજમાં રહેતી નારી ............,

કુંજમાં વિહાર કરનાર ...........,

જેને હદ નથી તેવી ............,

દેશ માટે પ્રાણ આપનારો ...........

31 નીચેના મુદ્દા ધ્યાનપૂર્વક વાંચી તે પરથી વાર્તા લખો : **5**

રાજાનો સેવક મિત્ર વાનર — ઊંઘી ગયેલા રાજાને પંખો નાખવો — માખીનું રાજાની છાતી પર બેસવું — માખીને ઉડાડવાનો પ્રયત્ન — નિષ્ફળ — વાનરનો તલવારથી પ્રહાર — રાજાના ટુકડા — મૂર્ખ સેવક — બોધ.